રાજ્ય સરકારના કર્મચારીઓ માટેની જૂથ વીમા યોજના ૧૯૮૧ સંદર્ભે ઉદભવતા પ્રશ્નો અંગે સ્પષ્ટતા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:-જવય/૧૦૨૦૨૦/૬૩૧/ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૮ /૮/૨૦૨૧

વંચાણે લીધા :-

(૧) નાણા વિભાગનો તા. ૧૦/૧૧/૧૯૮૧નો ઠરાવ ક્રમાંક: એપીબી/૧૦૮૧/૩૧/ઝ
(૨) નાણા વિભાગનો તા. ૭/૫/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: જવય/૧૦૦૭/૩૯૭/ઝ
(૩) નાણા વિભાગનો તા. ૨૮/૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: જવય/૧૦૨૦૦૨/૫૧૮/ઝ

પરિપત્ર :

આમુખમાં દર્શાવેલ તા. ૧૦/૧૧/૧૯૮૧ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓ માટેની જૂથવીમા યોજના તા. ૧/૪/૧૯૮૨થી અમલમાં આવેલ છે. આ યોજનાના અમલ અંગે ઉદભવતા પ્રશ્નો અંગે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

ક્રમ	પ્રશ્ન/મુદ્દો	સ્પષ્ટતા
૧	ફિક્સ પગારના કર્મચારીઓ જ્યારે નિયમિત નિમણૂક મેળવે છે ત્યારે જૂથવીમાની કપાત શરૂ કરવાની થાય છે. પરંતુ કેટલાક કિસ્સામાં નિયમિત નિમણૂકનો હુકમ વિલંબથી થવાને કારણે આવા કર્મચારીની કપાત મોડી શરૂ થાય છે. આ અંગે આવા કર્મચારીના એરિયર્સમાંથી જૂથવીમાની કપાત કરવી કે કેમ?	જો ફિક્સ પગારના કર્મચારીને નિયમિત કરવાનો હુકમ વિલંબથી થાય અને તે દરમિયાનમાં કર્મચારીનું અવસાન થાય તો તેને ખાસ કિસ્સો ગણી એરીયર્સમાંથી ફક્ત વીમા ફાળાની રકમની કપાત કરી લાગુ પડતા વીમા રક્ષણની રકમનું ચુકવણું કરવાનું રહેશે. અન્યથા એરીયર્સમાંથી કોઇ રકમની કપાત કરવાની રહેશે નહીં.
૨	કોઇ કર્મચારી નોકરીમાં જોડાયા હોય અને જૂથવીમામાં જોડાયા અંગેની પ્રથમ નોંધ ન થયેલ હોય કે પ્રથમ નોંધ યોગ્ય રીતે ન થયેલ હોય તો, આ પ્રકારના કિસ્સામાં	આવા કિસ્સામાં કર્મચારીનાં રેકર્ડ (નિયુક્તિ ફોર્મ, પગાર સ્લીપ, એ.બી.સી. રજીસ્ટર, ફોર્મ નં. ૧૬) આધારિત ખાતરી કરી કચેરીના વડા

	અન્ય રેકર્ડ (નિયુક્તિ ફોર્મ, પગાર સ્લીપ, પે-બિલ રજીસ્ટર, ફોર્મ નં. ૧૬) ને આધારે જૂથવીમાની બચતફંડ/વીમાફંડની ચુકવણી કરી શકાય કે કેમ?	તેની સેવાપોથીમાં નોંધ કરી શકે અને તેને આધારે જૂથવીમાને લગતી ચુકવણી કરી શકાય.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડિયલ)
નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઈ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.

- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઇલ – ઝ શાખા